# સુઘડ ગામનાં યુવાનનો ખોરજ નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળ્યો

## ૨૮ વર્ષનો યુવાન ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા સુઘડ ગામના ૨૮ વર્ષીય યુવાનનો આજે બપોરના અરસામાં ખોરજ નર્મદા કેનાલમાંથી તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. યુવાને કોઈ કારણોસર કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

સુઘડ ગામમાં રહેતો ૨૮ વર્ષીય હિતેશ રોહીતભાઈ પંચાલ ઘરેથી લાપતા થઈ ગયો હતો. તેની શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન આજે બપોરના અરસામાં ખોરજ નર્મદા કેનાલ પર ફરજ બજાવતા સિકયુરીટી ગાર્ડ વિષ્ણુ રાવલને કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવતા પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી.અડાલજ પોલીસ મથકના જમાદાર ભીખાભાઈ દેસાઈએ ગાર્ડની મદદથી મૃતદેહ બહાર કઢાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ અર્થે લઈ જવાયો હતો. દિનેશે કયાં કારણોસર આપઘાત કરી આયખું ટુંકાવ્યું તે હજુ બહાર આવ્યું નથી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસનો દોર શરુ કર્યો છે.

# શહેરમાં વાહનચોરો બેફામ

# સિવિલમાંથી વધુ ૪ બાઈક ચોરાયા

## સિવિલ કેમ્પસ, સે. ૧૧ કોમર્શિયલ કોમ્પલેક્ષ પાર્કિંગ, કોર્ટ સહિતના વિસ્તારો વાહનચોરો માટે મોકળુ મેદાન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં વાહનચોરો બેફામ બની ગયા છે. દરરોજ એકાદ-બે વાહનચોરીના કિસ્સા શહેરમાં બને છે. ક્યારેક ઘર આંગણે પાર્ક કરેલા વાહનની ચોરી તો ક્યારેક જાહેર પાર્કિંગમાં પાર્ક કરેલા વાહનની ચોરી કરી વાહનચોરો બિન્દાસ્તપણે ભાગી જવામાં સફળ રહે છે. ગાંધીનગરના તમામ પ્રવેશ દ્વારો પર સીસીટીવી કેમેરા હોવા છતાં કેવી રીતે વાહનચોરો ભાગી જાય છે તે પ્રશ્ન પોલીસને પણ મુંઝવી રહ્યો છે. એક તરફ પોલીસ ચૂંટણીને પગલે અટકાયતી કામગીરીઓમાં વ્યસ્ત છે ત્યારે વાહનચોરો એટલા જ સક્રીય થતા શહેરીજનો ઉપરાંત પોલીસના નાકે પણ દમ આવી ગયો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાંથી સંખ્યાબંધ વાહનચોરીઓ થવા પામી છે. થોડા સમય પહેલા સ્કૂટરો ખુબ ચોરી થવા પામ્યા હતા જ્યારે તાજેતરમાં સિવિલ કમ્પાઉન્ડમાંથી ચાર બાઈક ચોરી થઈ જવાની ઘટના બનવા પામી છે. તે ઉપરાંત કોર્ટ સંકુલ બહાર અને સે. ૧૧ કોમર્શીયલ કોમ્પલેક્ષોની બહારથી તથા ઘર આંગણેથી પણ વાહનો ચોરાયાના કિસ્સાઓ ખુબ બન્યા છે. સિવિલ કેમ્પસ, સે. ૧૧ કોમ્પલેક્ષોના પાર્કિંગ, કોર્ટ સંકુલ બહારના પાર્કિંગ વિસ્તાર સહિત એસ.ટી. ડેપો પાર્કિંગ બહારના વિસ્તારો વાહનચોરો માટે મોકળુ મેદાન બની ગયા છે. પોલીસે અગાઉ વાહનચોરો પકડવા રચેલી સ્કવોર્ડનુંપણ ક્યાંય વિસર્જન થઈ ગયું..!

# શ્રી સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત દરજી સમાજનો સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત દરજી સમાજ તમામ ગોળ એકત્રિત થઈ રાજકોટ મણીયાર હોલ ખાતે ગઈ ૨ માર્ચના રોજ સમાજના શ્રેષ્ઠીઓનો સન્માન કાર્યક્રમ યોજવામાંઆવ્યોહતો.

રાજકોટ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સોરઠીયા, મચ્છુગઠીયા, સઈ સુતાર, વાંઝા અને ગુજરાતી દરજી સહિતના તમામ દરજી સમાજ એકત્રિત થયો હતો. આ દરજી સમાજના યુવક-યુવતિઓનેસરકારમાં નોકરી માટેના માર્ગદર્શન સેમીનારનુંપણ આયોજન કરવામાં આવ્યું હતુ અને વિદ્યાર્થીઓને તેમના જ્ઞાન અને નિપુણતામાં વધારો કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ઉપરાંત સમસ્ત દરજી સમાજના કુલ પર શ્રેષ્ઠીઓ અને ૧૦ જેટલા ડીરેક્ટરોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ વિજયભાઈ પરમારે રાજકોટ ખાતે થનાર સમાજના ઉત્કર્ષ ઉન્નતિના સેવા કાર્યમાં એક સંપ અને સાથે રહીને કામ કરવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હસમુખભાઈ જેઠવા, કમલેશ ગોહેલ, દિપકભાઈ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સેક્ટર-૧-સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૩

મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકરના મધુરકંઠે આનંદનો ગરબો તા. ૨૫ માર્ચ મંગળવારના રોજ ઉષાબેન ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૯૨/૨, સેક્ટર-૧-સી ખાતે બપોરે ૨ થી ૫ સુધી યોજાશે તેમ પ્રફુલાબેન ભાવસારે જણાવ્યું છે.

# ગુજરાતમાં વિજળી મોંઘી થશે

# રૂ. ૨.૭૫નો વધારો આવશે



ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકારે રાજ્યની કંપનીઓને અન્ય રાજ્યો પાસેથી વિજળી ખરીદવાની મનાઈ ફરમાવી છે. જેના કારણે ગુજરાત સ્થિત કંપનીઓએ ફરજીયાત સરકારી વીજ કંપનીઓ પાસેથી લગભગ ૬૦ ટકા ઉંચા ભાવે વિજળીની ખરીદી કરવી પડશે.

સામાન્ય ચૂંટણીઓ અગાઉ આ નિર્ણય લેવાયો છે. જેનાથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, નિરમા, એલએન્ડટી, હિન્દાલકો, એપોલો ટાયર્સ, સનફાર્મા, પેટ્રોનેટ એલએનજી, ગુજરાત ફલોરો કેમિકલ્સ, યુનાઈટેડ ફોસ્ફરસ અને એલેમ્બિક સહિત તમામ ઉદ્યોગો અને કંપનીઓને આ નિર્ણયની અસર થશે. કંપનીઓનું કહેવું છે કે તેમના ખર્ચમાં પ્રતિ યુનિટ ઓછામાં ઓછો રૂ. ૨.૭૫નો વધારો થશે. કારણ કે તેમણે સરકારી વિજ સપ્લાયર્સ પાસેથી સાત રૂપિયા પ્રતિ યુનિટના ભાવે વિજળી ખરીદવી પડશે. જ્યારે તેઓ અગાઉ રૂ. ૪.૨૫ પ્રતિ યુનિટના ભાવે વિજળી મેળવતા હતા. ગુજરાત સ્થિત કંપનીઓ અન્ય રાજ્યોમાંથી ઈલેક્ટ્રીસિટી એક્સચેન્જ ટ્રેડ મારફત ૧,૦૦૦ મેગાવોટ વિજળી ખરીદે છે. જ્યારે ગુજરાતના સરકારી વિજ ઉત્પાદકો પાસે ૨,૫૦૦ મેગાવોટની વિજ ઉત્પાદન ક્ષમતા વપરાશ વગરની છે.

ઉદ્યોગજગત સરકારના આ નિર્ણયથી આશ્ચર્યચકિત થયું છે. કારણ નરેન્દ્ર મોદી પોતાના ચૂંટણી પ્રચારમાં ગુજરાતને ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી રાજ્ય ગણાવે છે. જોકે મોદી સરકારે આ નિર્ણયનો બચાવ કરતા કહ્યું છે કે તેનાથી પાવર સરપ્લસ ધરાવતુ રાજ્ય દર વરસે હજારો-કરોડોની બચત કરી શકશે. નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર ગુજરાતે વિજ ઉત્પાદકોને ફિક્સ્ડ અથવા કેપેસીટી ચાર્જ તરીકે દર વર્ષે રૂ. ૮૦૦૦ કરોડ ચૂકવવા પડે છે. કારણ કે તે કોન્ટ્રાક્ટ પ્રમાણે વિજળી ખરીદી શકતુ નથી.

# હવે રેલ પ્રવાસી દેશના કોઈ પણ સ્થળેથી ફરિયાદ નોંધાવી શકશે

ગાંધીનગર, તા. ૨૩

રેલવે બોર્ડ દ્વારા એવી જાહેરાત કરવામાં આવી છે કે દુર્ઘટના કે ગુન્હાખોરીનો ભોગ બનેલા યાત્રી દેશના કોઈપણ સ્થળેથી પોલીસ ફરિયાદ દાખલ કરાવે તો તે પોલીસ સ્ટેશને ફરિયાદ ફરજીયાત નોંધવી. રેલવે પ્રોટેક્શન ફોર્સ, ગવર્મેન્ટ રેલવે પોલીસને આ મામલે પરિપત્ર પાઠવી સ્પષ્ટ સુચના આપી દેવામાં આવી છે.

કેન્દ્રીય રેલવે બોર્ડે મોડે મોડે યોગ્ય નિર્ણય લઈ દેશના કોઈપણ સ્થળે ચોરી જેવી ઘટનાઓમાં પોલીસ ફરિયાદ દાખલ થઈ શકે તેવી ગોઠવણ કરી છે. યાત્રી ટ્રેન કે પ્લેટફોર્મ પર અપરાધિક ઘટનાનો ભોગ બને છે ત્યારે તેણે હવે એક સ્ટેશનથી બીજા રેલવેસ્ટેશન પર ચક્કર નહી કાપવા પડે. યાત્રી દેશના કોઈપણ સ્થળેથી ફરિયાદ દાખલ કરાવી શકશે. આરપીએફ અને જીઆરપી આ ફરિયાદ લેવાનો ઈન્કાર કરી શકશે નહી. હાલમાં એવી વ્યવસ્થા છે કે ચાલુ ટ્રેનમાં જે સ્ટેશને ગુન્હો બન્યો હોય તે સ્ટેશન પર જઈ ફરિયાદ દાખલ કરાવવી પડે છે.








(તસવીર : કશ્યપ નિમાવત)

કંટ્રોલ કેબીન - જ્યાંથી સમગ્ર રાજ્યનો વહીવટ થાય છે એવા સચિવાલયથી ઉપડતી પોઈન્ટ બસ માટેનો કંટ્રોલ રૂમ જ્યારથી મુકાયો ત્યારેથી ચાલુ થયો જ નથી એવું તસવી જોતા હોય એવું લાગી રહ્યું છે... અંદર ધૂળ જામી ગઈ છે... તાળુ કાટ ખાઈ ગયું છે.... કંટ્રોલ કેબીનમાં કંટ્રોલ કરવાવાળું કોઈ રણીધણી નથી....

# યુવાનો, સોશિયલ મીડિયા અને ચૂંટણી

**ટોક ઓફ ધ ટાઉન**

**- રાહુલ પટેલ**

આજથી લોકસભાની ચૂંટણીના આડે માત્ર ગણતરીના દિવસ જ બાકી છે. ભારતીય ચૂંટણીપંચ દ્વારા લોકસભા-૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરી દેવામાં આવી છે. સમગ્ર દેશમાં ૭ એપ્રિલથી ૧૨ મે સુધી એમ કુલ નવ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે તથા ૧૬ મે ના રોજ મતગણતરી થશે. આમ, ચૂંટણીપંચના નિયમ અનુસાર સામાન્ય ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ ખરેખર દેશમાં લોકસભાની ચૂંટણીના પડઘમ તો વર્ષ-૨૦૧૩માં યોજાયેલી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ અગાઉથી જ સંભળાઈ રહ્યા છે. ભારતીય જનતા પક્ષ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને તેમના પક્ષ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ઘોષિત કરવામાં આવ્યા છે. તેઓ ૬૩ વર્ષના છે, પરંતુ યુવાનોમાં તે અત્યંત લોકપ્રિય છે. કોંગ્રેસના વડાપ્રધાન પદના અઘોષિત ઉમેદવાર રાહુલ ગાંધી સ્વયં યુવાન અને કુંવારા છે. જ્યારે અન્ના હજારેના ભ્રષ્ટાચાર વિરૂદ્ધના આંદોલનમાંથી જન્મેલી આમ આદમી પાર્ટી (આપ) ચૂંટણીમાં સમીકરણો બદલી શકે તેમ છે. માત્ર ૧૫ મહિના જૂની પાર્ટી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૨૮ બેઠકો જીતી હતી. આપ પાર્ટીએ કોંગ્રેસનો ટેકો લઈને દિલ્હીમાં સરકાર બનાવી અને માત્ર ૪૯ દિવસમાં જ સરકાર ભાંગી પડી હતી. દિલ્હીમાં આમ આદમી પાર્ટીની જીતનો સંપૂર્ણ આધારસ્તંભ યુવાનો જ હતા. આમ લોકસભાની ચૂંટણીમાં ત્રણ પક્ષો વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે તેમજ પ્રાદેશિક પક્ષોએ સાથે મળીને ત્રીજો મોરચો રચ્યો છે. દરેક રાજકીય પક્ષો મતદાતાઓને રીઝવવામાં અને નવા રાજકીય સમીકરણો બનાવવામાં લાગી ગયા છે. પરંતુ આ વખતે લોકસભાની ચૂંટણીમાં સત્તાની ચાવી યુવાનો પાસે છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ ૧ જાન્યુઆરી ૨૦૧૪ સુધીમાં કુલ ૮૧ કરોડ ૪૫ લાખ મતદારો છે, જે ૨૦૦૯ ની લોકસભાની ચૂંટણી કરતા ૧૦ કરોડ ૧૫ લાખ મતદારો વધારે છે.

### ● યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા

લોકસભાની ચૂંટણીમાં અત્યંત મહત્વનું પાસું એ છે કે આ વખતે યુવાનો જ નક્કી કરશે કે દેશના વડાપ્રધાન કોણ બનશે ? ખાસ કરીને જે યુવક-યુવતીઓ પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે તેઓ મહત્વનો ભાગ ભજવી શકે એમ છે. યુવા મતદારોને સ્પર્શતા પોતાના મુદ્દા છે. તેમના માટે સૌથી મહત્વનો મુદ્દો શિક્ષણ અને રોજગારી છે. આ ઉપરાંત ભ્રષ્ટાચાર અને મોંઘવારી મધ્યમ વર્ગને અસર કરતાં મુદ્દાઓ પણ એટલા જ મહત્વના છે. તેમના મતે સુશાસનનો મુદ્દો પણ અગત્યનો છે.

### ● યુવા અને રાજકીય પક્ષો

અત્યાર સુધી તમામ રાજકીય પક્ષોએ હંમેશા યુવા મતદારોની અવગણના કરી છે. પરંતુ આ વખતે ચૂંટણીમાં કોઈપણ રાજકીય પક્ષને હંમેશા અધીરા અને મહત્વકાંક્ષી એવા યુવા મતદારોનું મૂલ્ય ઓછું આંકવાની ભુલ એકપણ રાજકીય પક્ષને પાલવે તેમ નથી તે અત્રે નોંધવું રહ્યું. કોંગ્રેસ દ્વારા યુવા મતદારોને પોતાના તરફ આકર્ષવા માટે તેના ઈતિહાસમાં સૌપ્રથમ વાર લોકસભાની ચૂંટણીના ઢંઢેરામાં વિદ્યાર્થીઓના અભિપ્રાયોને સામેલ કરવામાં આવી રહ્યા છે. તેમજ ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ યુવાનો પોતાના તરફ ઢળે તે માટે તમામ પ્રકારના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમાંય ખાસ કરીને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી આગામી લોકસભાની ચૂંટણીમાં યુવા ઉમેદવારોને ઉતારવાની રણનીતિ પણ બનાવી લીધી છે. ભાજપ અને આપ દ્વારા તાજેતરમાં યોજાયેલી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં યુવાનોને ટિકિટ આપવામાં આવી હતી. તેમાંય ખાસ કરીને રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં આ પ્રયોગ સફળ રહ્યો હતો. દિલ્હીની આપ સરકારમાં અરવિંદ કેજરીવાલના કેબિનેટમાં યુવાનોને પણ મંત્રીપદ આપવામાં આવ્યું હતું. લોકસભાની ચૂંટણીમાં સૌથી વધારે યુવા મતદાતાઓ છે તે આંકડો જોઈને ભાજપ વધારે ખુસ થાય છે કારણ કે યુવા મતદારો કોઈપણ રાજકીય વિચારધારા હેઠળ દબાયેલા ન હોવાથી તેઓ વર્તમાન કોંગ્રેસસાશિત યુપીએ સરકાર સામે નકારાત્મક વલણ રાખી શકે એમ છે. આપ પણ એવું માને છે કે યુવાનો યુપીએ સરકારના વિરૂદ્ધમાં ભ્રષ્ટાચારના મુદ્દાને લઈને મતદાન કરશે.

### ● યુવા અને સોશિયલ મીડિયા

આજે સોશિયલ મીડિયા શબ્દ સાંભળતા જ દરેક યુવક-યુવતીના નજર સમક્ષ ફેસબુક, ટ્વીટર, વોટ્સએપ અને ટેલિગ્રામ આવી જાય છે. સોશિયલ મીડિયા વિના યુવા પેઢી જાણે પાંગળી બની ગઈ છે. તેઓ એક સમયે શ્વાસ લેવાનું ચૂકી જશે પરંતુ તેઓ ફેસબુક, વોટ્સએપ પર પોતાના મિત્રોને પ્રત્યુતર આપવાનું ચૂકશે નહિ. રાજકારણીઓ યુવાનોની સોશિયલ મીડિયા પ્રત્યેની ઘેલછાને સારી રીતે જાણે છે. નેતાઓ દ્વારા ફેસબુક, ટ્વીટર, વોટ્સએપ અને બ્લોગ દ્વારા પોતાના વિચારો રજૂ કરીને મતદારોને આકર્ષવાના પ્રયત્નો કરી રહ્યા છે. ટેકનોલોજીના આ યુગમાં દરેર રાજકીય પક્ષોએ નવી પેઢીની ભાષામાં (સોશિયલ મીડિયા) વાત કરવી પડશે. ભાજપ દ્વારા મતદારોને આકર્ષવા માટે 'ઈન્ડિયા ૨૭૨+' એપ લોન્ચ કરવામાં આવી છે. જેને એન્ડ્રોઈડ પ્લેટફોર્મ પર ૧૦,૦૦૦ થી વધારે વખત ડાઉનલોડ કરવામાં આવી છે. ભારતના શહેરી વિસ્તારોમાં સ્માર્ટફોન વપરાશકારોનો આંકડો લગભગ ૫.૧ કરોડ સુધી પહોંચ્યો છે. અત્યારે તમામ પક્ષના ધારાસભ્યો અને સંસદસભ્યો તથા સંગઠનના સભ્યો ફેસબુક પર પોતાનું એકાઉન્ટ ધરાવે છે અને દરરોજ સક્રિય રીતે તેના પર અપડેટ પણ કરે છે. આમ આદમી પાર્ટી દ્વારા પણ મધ્યમ વર્ગને આકર્ષવા માટે એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી છે. જ્યારે કોંગ્રેસ દ્વારા 'ભારત નિર્માણ'ના અભિયાન અંતર્ગત યુપીએના ૧૦ વર્ષના શાસનકાળની સિદ્ધિઓને સોશિયલ મીડિયા દ્વારા યુવાનો સુધી પહોંચાડવામાં આવે છે. દરેક પક્ષો દ્વારા સોશિયલ મીડિયા સેલ પણ ઉભો કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઈઆરઆઈએસ જ્ઞાન ફાઉન્ડેશન અને ભારતીય ઈન્ટરનેટ તથા મોબાઈલ સંઘ દ્વારા તાજેતરમાં કરેલા એક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે આગામી ચૂંટણીમાં સોશિયલ મીડિયા લોકસભાની ચૂંટણીની કુલ-૫૪૩ બેઠકોમાંથી ૧૬૦ સીટોને પ્રભાવિત કરી

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫

સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦

શાદી કે સાઈડ ઈફેકટસ : ૨.૪૦, ૮.૧૦

: સ્ક્રીન-૨ :

ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫,૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

: સ્ક્રીન-૪ :

બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૩૦, ૧૦.૦૦

બેવકૂફિયા : ૪.૦૦

: સ્ક્રીન-૨ :

ગેન્ગ ઓફ ગોસ્ટ : ૧૨.૪૫, ૭.૦૦

રાઈઝ ઑફ એન એમ્પાર : ૪.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

રાગીની એમએમએસ-૨ : ૩.૩૦, ૭.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રાગીની એમ.એમ.એસ.: ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ગેન્ગ ઑફ ગોસ્ટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

બેટલ ઑફ ધ ડીમાન્ડ : ૧૧.૦૦

ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૬.૦૦

રાગીની એમ.એમ.એસ. : ૪.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

રજવાડી બાપુને રંગ છે :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુલાબ ગેન્ગ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**વૃષભ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ભવન નિર્માણ સંબંધઈ કાર્યો થશે. વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

**સિંહ** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. સંતાનની પ્રગતિ થશે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે.

**તુલા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિય ભાગીદારી રહેશે. નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે.

**વૃશ્ચિક** : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી. સ્થાયી સંપત્તિની આકાક્ષા પૂર્ણ થવાના યોગ. સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

**ધન** : અટકેલા નાણાં પ્રાપ્ત થશે. ભૂમિક, મકાન વગેરે ખરીદનો યોગ. સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : જમીન સંબંધી કાર્ય બનવાનાં યોગ. નવી યોજનાઓ પ્રારંભ થશે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે.

**કુંભ** : સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. શુભ સંદેશ તમને નવી દિશા આપશે. આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. નીકિતાબેન ગોવિંદભાઈ પટેલ(ઉ.વ. ૧૭)મુ.પો. ચિલોડા મોટા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કચરાજી રવજીજી ઠાકોર(ઉ.વ. ૭૬)મુ.પો. ચિલોડા મોટા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ઈશ્વરભાઈ મગનલાલ ચાવડા(ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૫૩૯/૧, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. કેવલચંદ જીણાભાઈ મહેતા(ઉ.વ. ૮૮) બ્લોક નં. ૨૬/૧, ઘ-ટાઈપ, સેકટર-૨૨, ગાંધીનગર.